RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 02 * Date: 21.10.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

SCO બેઠકમાં ભારતની લાલ આંખઃ રાજનાથ સિંહે કહ્યું- આતંકવાદ સામે બેવડા માપદંડ નહીં ચાલે, નેટવર્ક ખતમ કરો



દુશાન્બેમાં જીઝ્ર બેઠકમાં રાજનાથ સિંહે પાકિસ્તાનની હાજરીમાં આતંકવાદ સામે ભારતનું કડક વલણ સ્પષ્ટ કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આતંકવાદ શાંતિ અને વિકાસ માટે ગંભીર ખતરો છે. રાજનાથ સિંહે કહ્યું કે આતંકવાદને કોઈ પણ સંજોગોમાં યોગ્ય ઠેરવી શકાય નહીં અને તેને નાણાકીય સહાય કરનારા સામે કડક કાર્યવાહી જરૂરી છે. તેમણે સરહદ પારના આતંકવાદ સામે પણ ચેતવણી આપી હતી.

શંઘાઈ સહયોગ સંગઠન (જીઝ્ર)ની 'કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્મેન્ટ'ની બેઠકમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ઈશાક ડારની હાજરીમાં આતંકવાદ સામે ભારતનું કડક વલણ સ્પષ્ટ કર્યું હતું. દુશાન્બેમાં યોજાયેલી આ બેઠકને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે આજની દુનિયામાં આતંકવાદ શાંતિ અને વિકાસ માટે સૌથી ગંભીર જોખમોમાનો એક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આતંકવાદના કારણે માત્ર નિર્દોષ લોકોના જીવ જ નથી જતા, પરંતુ વેપાર, રોકાણ અને યુવાનોનું ભવિષ્ય પણ પ્રભાવિત થાય છે.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'આતંકવાદને કોઈપણ પ્રકારે યોગ્ય ઠેરવી શકાય નહીં અને આ બાબતે કોઈ બેવડા ધોરણો ન હોવા જોઈએ. આતંકવાદીઓને નાણાકીય સહાય પૂરી પાડનારા, તેમને સમર્થન આપનારા અથવા આશ્રય આપનારાઓ સામે કડક અને સામૂહિક કાર્યવાહી કરવા કરવી જોઈએ. આતંકવાદની સમગ્ર ઈકોસિસ્ટમને જડમૂળથી અને મજબૂતાઈથી ખતમ કરવું અનિવાર્ય છે.'આ અગાઉ ૧૫ ઓક્ટોબરના રોજ સરહદ પારના આતંકવાદ અંગે ભારતનું વલણ સ્પષ્ટ કરતા રાજનાથ સિંહે ચેતવણી આપી હતી કે પાકિસ્તાન તરફથી ભવિષ્યમાં કોઈ પણ આતંકી હરકત થશે તો તેનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. ભારતની સંસ્કૃતિ વાતચીત અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વમાં માને છે, પરંતુ શાંતિ માટેની આપણી પ્રતિબદ્ધતાને ક્યારેય આપણી કમજોરી ન સમજવી જોઈએ.નકશા જુઓ

દુશાન્બે ખાતે યોજાયેલી આ એસસીઓ બેઠક દરમિયાન રાજનાથ સિંહે તાજિકિસ્તાનના વડાપ્રધાન કોહિર રસૂલઝોદા અને ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ રઝા આરિફ સાથે પણ દ્વિપક્ષીય મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પર માહિતી આપતા તેમણે તાજિકિસ્તાન સાથેના લાંબા સમયથી ચાલતા સાંસ્કૃતિક સંબંધો અને ગાઢ લોક-સંપર્ક પર ભાર મૂક્યો હતો, તેમજ ઈરાનના નેતા સાથેની મુલાકાતને પણ સંતોષકારક ગણાવી હતી.


મહેસાણામા ફાફડા-જલેબીનું ધૂમ વેચાણઃમોંઘવારી છતાં દશેરાની મજા યથાવત્, ૬૦૦ના ફાફડા અને જલેબીના ૨૮૦ ભાવ



દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે મોંઘવારીના વાદળો વચ્ચે પણ નાગરિકોનો ઉત્સાહ ઉમંગથી છલકાઈ રહ્યો છે. પરંપરાગત રીતે દશેરાના દિવસે ફાફડા-જલેબી ખાવાનો વિશેષ મહિમા હોવાથી વહેલી સવારથી જ ફરસાણની દુકાનો પર ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી હતી. ભાવ વધારા છતાં તહેવારનો આનંદ માણવા માટે લોકોએ મન મૂકીને ખરીદી કરતાં બજારમાં ફાફડા અને જલેબીનું ધૂમ વેચાણ નોંધાયું છે.આ વખતે બજારમાં સીંગતેલમાં બનેલા ફાફડા રૂ. ૬૦૦ પ્રતિ કિલો અને સીંગતેલની જલેબી રૂ. ૨૮૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. આ ઉપરાંત ખમણ રૂ. ૨૪૦ પ્રતિ કિલો અને નાયલોન પાપડી રૂ. ૪૦૦ પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ છે. ખાસ કરીને દશેરાના દિવસે શુદ્ધ ઘીની જલેબીની સૌથી વધુ માંગ રહેતી હોવાથી વેપારીઓએ અગાઉથી જ પૂરતી તૈયારીઓ કરી રાખી હતી.સ્થાનિક વેપારી નરેન્દ્રભાઈ પટેલેા જણાવ્યું કે, મોંઘવારીની અસર હોવા છતાં તહેવારનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે ભાવમાં વધુ પડતો વધારો કરાયો નથી. એક જ દિવસમાં અંદાજે ૪૦૦થી ૪૫૦ કિલો ફાફડા, ૩૦૦ કિલો સીંગતેલની જલેબી અને ૧૫૦થી ૨૦૦ કિલો શુદ્ધ ઘીની જલેબીનું વિક્રમી વેચાણ થતાં વેપારીઓમાં પણ આનંદનો માહોલ

જાપાન પ્રવાસે ગયેલા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ટોક્યો ખાતે આજના મેગા ઇન્વેસ્ટમેન્ટ એન્ગેજમેન્ટ્સ

આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત વૈશ્વિક રોકાણકારોને આકર્ષવા અને ગુજરાત-જાપાન વચ્ચેના આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે જાપાન પ્રવાસે ગયેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે ટોક્યો અને શિઝુઓકા ખાતે કુલ ૭ વન-ટુ-વન બેઠકો, ૨ સરકારી-દ્વિપક્ષીય મુલાકાતો, ૧ ટેક્સટાઈલ રાઉન્ડટેબલ અને ૧ સત્તાવાર ડિનર સહિત કુલ ૧૧ જેટલા મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજના નિર્ધારિત કાર્યક્રમ મુજબ બપોરે નાયબ મુખ્યમંત્રીશ્રી શિઝુઓકાના ગવર્નર શ્રીયુત યાસુતોમો સુઝુકી સાથે દ્વિપક્ષીય સંવાદ કરશે. ત્યાર બાદ ફ્યુજીફિલ્મ, યાઝાકી ઈન્ડિયા તથા ગ્રીન કાર્બન સાથે બેઠકો અને ટેક્સટાઈલ સેક્ટરના અગ્રણીઓ સાથે ૧ હાઈ-લેવલ રાઉન્ડટેબલ બેઠક કર્યા બાદ ઈન્ડિયા હાઉસ ખાતે ભારતીય રાજદૂત દ્વારા આયોજિત વિશેષ ડિનરમાં ઉપસ્થિત રહેશે.વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પ્લેટફોર્મ થકી રાજ્યમાં મોટા પાયે મૂડીરોકાણ લાવવાના ઉદ્દેશ સાથે આજના પ્રારંભિક સત્રમાં જાપાનની અગ્રણી કંપનીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. જેમાં અલ્ટ્રાફેબ્રિક્સ હોલિંડ્ગ્સ



કંપનીના પ્રેસિડેન્ટ શ્રી યોશિમુરા સાથે સિન્થેટિક લેધર અને સંલગ્ન ક્ષેત્રોમાં રોકાણની વિપુલ સંભાવનાઓ અંગે વિચારવિમર્શ થયો હતો. તે ઉપરાંત કાનેકા કોર્પોરેશન કંપનીના પ્રેસિડેન્ટ શ્રી ઈસાવ ઓત્સુ સાથે કેમિકલ અને લાઈફસાયન્સ ક્ષેત્રે ગુજરાત સાથે ભાગીદારી મજબૂત બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.





વીણા એવન્યુ સુરત નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ મહા સુદ આઠમ – માતાજીની આરાધનાની પાવન સંધ્યા બાળ સ્વરૂપોનું સ્વાગત અને પ્રદિક્ષણા આઠમ ના પાવન અવસરે નાની દીકરીઓને માતાજી ના વિવિધ સ્વરૂપોમાં તૈયાર કરી ને તમામ બાળાઓ નું ઢોલ નગારા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને મહા આરતીમાં ઉત્સાહભેર જોડાઈને જગત જનની માં અંબા ની આરાધના કરી હતી

અમદાવાદની સિવાના સેવા સમિતિએ માતૃભૂમિ સિવાનામા ગૌશાળાને કરુણા રથ (પશુ એમ્બ્યુલન્સ) રજૂ કર્યો. ઉદ્ઘાટન સમારોહ અમદાવાદમાં યોજાયો

અમદાવાદઃ શહેર સ્થિત સંસ્થા, સિવાના સેવા સમિતિએ, પ્રાણીઓની તાત્કાલિક સંભાળ અને તબીબી સંભાળ માટે રાજસ્થાનના સિવાનામા શ્રી જીવદયા ગૌ સેવા સંઘ ગૌશાળાને કરુણા રથ, એક પ્રાણી એમ્બ્યુલન્સ રજૂ કરી. ઉદ્ઘાટન સમારોહ રવિવાર, ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ શાહીબાગના રાજભવન ખાતે યોજાયો હતો.સંસ્થાના ઉપપ્રમુખ, મુકેશ આર. ચોપડાએ જણાવ્યું હતું કે કાર્યક્રમની શરૂઆત નમસ્કાર મહામંત્રથી થઈ હતી. કાર્યક્રમ દરમિયાન, મુખ્ય મહેમાન, પ્રાણી કરુણા ઉત્સાહી ઝછ જસરાજજી શ્રીશ્રીમાલ (હૈદરાબાદ-સિવાના), ખાસ મહેમાનો સિવાના ઓસવાલ સંઘના ગૌતમજી ચૌધરી, વંશરાજજી સંઘવી, પ્રમુખ દિલીપ બાગરેચા, નિવર્તમાન પ્રમુખ અમિત બાલડ, સચિવ કીર્તિ બાગરેચા અને કાર્યક્રમ સંયોજક પ્રકાશ લુંકડ મંચ સંભાળ્યો હતો. સમિતિ દ્વારા બધાનું સન્માન કરવામાં આવ્યું હતું. દરેકે મેહમાન સભાને સંબોધિત કર્યા, ગાય સેવાના કાર્ય પર પ્રકાશ પાડ્યો. ઉલ્લેખનીય



છે કે સિવાના સેવા સમિતિ અમદાવાદે વર્ષ ૨૦૨૩ માં કલ્યાણક તીર્થોત્સવ અમદાવાદ-સમ્મેતશિખરજી યાત્રાનું આયોજન કર્યું હતું અને બાકીની રકમ સાથે, તેણે માતૃભૂમિ સિવાના માટે બે પ્રશંસનીય કાર્યોમાં યોગદાન આપીને સેવા અને પ્રાણી દયાનું પ્રેરણાદાયક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. સમિતિએ નવનિર્મિત ઓસવાલ ન્યાતિ ભવન સિવાનામાં ચા ચર્ચા હોલનો લાભ લીધો અને સિવાના ગૌશાળાને પશુ એમ્બ્યુલન્સ કરુણા રથ રજૂ કર્યો. રવિવારે, રાજભવન, શાહીબાગ અમદાવાદ ખાતે સમાજના મહાનુભાવોની હાજરીમાં કરુણા રથનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ઉપસ્થિત લોકોએ સિવાના સેવા સમિતિ અમદાવાદ અને આ ઉમદા કાર્યમાં ભાગ લેનારા તમામ મહાનુભાવોની પ્રશંસા કરી અને તેમને અભિનંદન આપ્યા. તેઓએ કહ્યું કે સામાજિક અને પ્રાણી દયા કાર્યમાં મોખરે રહીને, તેઓ સમાજ અને અન્ય વિવિધ સંસ્થાઓ માટે પ્રેરણા સ્ત્રોત છે. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ દિલીપ બાગરેચા, પૂર્વ પ્રમુખ મહાવીર ચૌધરી, અશોક ભણસાલી, રમેશ બાગરેચા, દિનેશ શ્રીશ્રીમાલ, અમિત બાલડ ઉપપ્રમુખ પ્રકાશ લુંકડ, મનીષ મહેતા, મુકેશ કંકુચૌપડા, રણજીત કાનુંગા, સેક્રેટરી કીર્તિ બાગરેચા, રાજોશકુમાર મહેતા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

ખાદ્યતેલની આયાતમાં ૩.૭%, કિંમતમાં ૧૧%નો વધારો

અમદાવાદ : તહેવારોની મોસમની માંગને પહોંચી વળવા ખાદ્યતેલના વેપારીઓએ નોંધપાત્ર પ્રમાણમાં ખાદ્યતેલની આયાત કરી હતી. નવેમ્બર-સપ્ટેમ્બર ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની ખાદ્યતેલની આયાત ૩.૨૭% વધીને ૧૫.૧૬૪ મિલિયન ટન થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૧૪.૬૮૩ મિલિયન ટન હતી. આ આયાતમાં પામ તેલનો હિસ્સો સૌથી મોટો હતો. સપ્ટેમ્બરમાં, મુખ્ય ખાદ્યતેલોના ભાવમાં પાછલા વર્ષની સરખામણીમાં ૯.૭ થી૧૧.૨%નો વધારો થયો છે. ડોલર સામે રૂપિયામાં નબળો પડવો આનું મુખ્ય કારણ હતું.

ક્રૂડ પામ તેલના વધુ આગમનને કારણે પામ તેલની આયાત ૫.૩૨% વધીને ૭.૩૫૨ મિલિયન ટન થઈ છે. સોયાબીન તેલની આયાત ૩.૨૫% વધીને ૫.૧૭૬ મિલિયન ટન, જ્યારે સૂર્યમુખી તેલની આયાત ૧.૯૦% ઘટીને ૨.૬૨૪ મિલિયન ટન થઈ હતી. રિફાઇન્ડ ખાદ્ય તેલની આયાત ઘટીને ૦.૭૪ મિલિયન ટન, જ્યારે ક્રૂડ તેલની આયાત વધીને ૧૪.૪૨૩ મિલિયન ટન થઈ હતી.રિફાઇન્ડ તેલ કરતાં ક્રૂડ તેલની આયાતમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. રિફાઇન્ડ ખાદ્ય તેલની આયાત ૧.૬૮૯ મિલિયન ટનથી ઘટીને ૦.૭૪ મિલિયન ટન થઈ, જેનાથી કુલ આયાતમાં તેનો હિસ્સો ૧૨% થી ઘટીને ૫% થઈ ગયો. ક્રૂડ ખાદ્ય તેલની આયાત ૧૨.૯૯૩ મિલિયન ટનથી વધીને ૧૪.૪૨૩ મિલિયન ટન થઈ. આ મુખ્યત્વે એટલા માટે હતું કારણ કે ક્રૂડ પામ તેલ રિફાઇન્ડ પામોલિન આયાતને બદલે બદલાઈ ગયું.આર્જેન્ટિના ભારતમાં ખાદ્ય તેલનો સૌથી મોટો સપ્લાયર રહ્યો છે. તેણે કુલ ૩.૪૪૩ મિલિયન ટન ખાદ્ય તેલની નિકાસ કરી છે, જેમાં ૨.૭૧૪ મિલિયન ટન ક્રૂડ સોયાબીન તેલ અને ૭.૨૯ મિલિયન ટન સૂર્યમુખી તેલનો સમાવેશ થાય છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં તેજલબેન ડામોરે બ્રોન્ઝ મેડલ જીત્યો; મહિલા ૨૦૦ મીટર T૧૨માં નોંધાવી કારકિર્દીની સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સમયસિદ્ધિ



ગાંધીનગર, ૨૦ ઑક્ટોબર ૨૦૨૬: વ્યક્તિગત મુશ્કેલીઓ અને વર્ષોના સંઘર્ષને પાર કરીને, ભારતીય રમત પ્રાધિકરણ (જીછૈં)ના નેશનલ સેન્ટર ઑફ એક્સેલન્સ (દ્રર્ઝઈ), ગાંધીનગર ખાતે તાલીમ લેતી દૃષ્ટિબાધિત દોડવીર તેજલબેન અમરજી ડામોરે જાપાનના આઈચી-નાગોયામાં યોજાઈ રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં મહિલા ૨૦૦ મીટર T૧૨ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું છે. આ પ્રતિષ્ઠિત ખંડીય સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લઈ રહેલી ગુજરાતની ૨૪ વર્ષીય ખેલાડીએ પોતાનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ સમય પણ નોંધાવ્યો છે, જે તેમની આંતરરાષ્ટ્રીય રમત કારકિર્દીમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે.

તેજલબેને અગાઉ હીટ્સમાં ૨૫.૨૫ સેકન્ડનો શાનદાર સમય નોંધાવી પોતાની હીટમાં બીજું સ્થાન મેળવ્યું હતું અને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૬માં દુબઈ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં ગોલ્ડ મેડલ જીતતી વખતે નોંધાવેલા ૨૫.૪૭ સેકન્ડના સમય કરતાં આ પ્રદર્શન વધુ સારું રહ્યું હતું. એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ અને વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન તેમની સતત તૈયારી, શિસ્તબદ્ધ તાલીમ અને સફળતા મેળવવાના અડગ નિર્ધારનું પરિણામ છે.

મેડલ જીત્યા બાદ ભાવુક બનેલી તેજલબેને પોતાની આ સિદ્ધિનો શ્રેય કોચ નિતિન ચૌધરીને આપ્યો હતો. તેમણે પોતાની સફળતામાં કોચની અસાધારણ પ્રતિબદ્ધતા, મહેનત અને વ્યક્તિગત ત્યાગની ભૂમિકાને બિરદાવી હતી.

તેજલબેને જણાવ્યું, "સૌપ્રથમ હું મારા કોચનો આભાર માનવા માગું છું. આ મેડલ પાછળ ખૂબ જ મહેનત અને શિસ્ત છે. રવિવાર આરામનો દિવસ હોવા છતાં મારા કોચે ક્યારેય અમારી તાલીમને અસર થવા દીધી નથી. જો તાલીમનું સત્ર નક્કી હોય, તો તેઓ હંમેશાં હાજર રહેતા. હું બીજા કોઈનો આભાર માનું તે પહેલાં મારા કોચનો આભાર માનવા માગું છું."

પોતાની રમતયાત્રા અંગે વાત કરતાં તેજલબેને પરિવારની મુશ્કેલીઓ અને રમત પ્રત્યેની પોતાની દૃઢ પ્રતિબદ્ધતા વિશે પણ જણાવ્યું હતું. ગુજરાતના દાહોદના સામાન્ય પરિવાર સાથે સંકળાયેલી તેજલબેને પોતાની સફરમાં અનેક પડકારોનો સામનો કર્યો છે, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવવાનો તેમનો નિર્ધાર અડગ રહ્યો છે. જીછૈં દ્રર્ઝઈ ગાંધીનગર ખાતે તેમને વ્યવસ્થિત કોચિંગ, તાલીમ માટેની સુવિધાઓ, રમતગમતનું માળખું અને અન્ય આવશ્યક સહાય પૂરી પાડવામાં આવે છે, જેના કારણે તેઓ પોતાની રમતની પ્રગતિ અને સ્પર્ધાત્મક તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું, "અમે ઘણી આશાઓ, અપાર મહેનત અને જીતવાના મજબૂત નિર્ધાર સાથે અહીં આવ્યાં હતાં. મારી સફર સંઘર્ષોથી ભરેલી રહી છે, પરંતુ મેં નક્કી કર્યું હતું કે ગમે તેવી મુશ્કેલીઓ આવે, મારે મેડલ લઈને જ પાછા ફરવું છે."

તેજલબેને વર્ષ ૨૦૨૨માં પેરા એથ્લેટિક્સની શરૂઆત કરી હતી અને ત્યારથી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સતત પ્રગતિ કરી છે. તેમની સિદ્ધિઓમાં વર્ષ ૨૦૨૫ની વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં છઠ્ઠું સ્થાન, વર્ષ ૨૦૨૬ની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ અને સપ્ટેમ્બર ૨૦૨૬માં દુબઈ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. જીછૈં દ્રર્ઝઈ ગાંધીનગર ખાતે કોચ નિતિન ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેઓ ઉચ્ચ પ્રદર્શન માટેની વ્યવસ્થિત તાલીમ, સમર્પિત કોચિંગ અને સતત ટેકનિકલ માર્ગદર્શન મેળવી રહ્યાં છે.

તેજલબેનને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા વાર્ષિક તાલીમ અને સ્પર્ધા કેલેન્ડર (છઝ્રઝ) હેઠળ રમતગમતની તૈયારી માટે ?૨,૦૫,૯૬૧ની નાણાકીય સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત, જીછૈં દ્રર્ઝઈ ગાંધીનગર દ્વારા જરૂરી તાલીમ સુવિધાઓ, કોચિંગ સહાય, રમતગમતનું માળખું અને અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ સર્વાંગી સહાય વ્યવસ્થાને કારણે તેઓ નિયમિત તાલીમ લઈ શક્યાં છે, પોતાના પ્રદર્શનમાં સુધારો કરી શક્યાં છે અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લઈ શક્યાં છે.

હવે તેજલબેનની મુખ્ય સ્પર્ધા ગણાતી મહિલા ૪૦૦ મીટર T૧૨ ઇવેન્ટ ટૂંક સમયમાં યોજાવાની છે. તેમનું માનવું છે કે ૨૦૦ મીટરમાં જીતેલા બ્રોન્ઝ મેડલે તેમનો આત્મવિશ્વાસ વધાર્યો છે. તેમણે જણાવ્યું કે ૪૦૦ મીટરની સ્પર્ધા પહેલાં આત્મવિશ્વાસ અને ગતિ જાળવવા માટે કોચ સાથેની વ્યૂહરચનામાં ૨૦૦ મીટરમાં મેડલ જીતવો મહત્ત્વનો ભાગ હતો.

તેમણે ઉમેર્યું, "મારી મુખ્ય ઇવેન્ટ ૪૦૦ મીટર છે, જે હવે યોજાવાની છે. મારા કોચ અને મને લાગતું હતું કે ૨૦૦ મીટરમાં મેડલ જીતવાથી ૪૦૦ મીટર માટે અમારો આત્મવિશ્વાસ વધશે. હવે આ મેડલ મળ્યા પછી મારી મુખ્ય ઇવેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે હું વધુ આત્મવિશ્વાસ અનુભવું છું."

પોતાની રમતગમતની મહત્ત્વાકાંક્ષાઓ ઉપરાંત, તેજલબેન ગુજરાતના દાહોદમાં દૃષ્ટિબાધિત બાળકો માટે વિશેષ દોડ ટ્રેક સ્થાપિત કરવાની ઇચ્છા ધરાવે છે. તેમનો ઉદ્દેશ દૃષ્ટિબાધિત બાળકોને એથ્લેટિક્સમાં ભાગ લેવા, પોતાની ક્ષમતાઓ વિકસાવવા અને રમતગમતના ક્ષેત્રમાં આગળ વધવા માટે વધુ સારી તકો પૂરી પાડવાનો છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં તેજલબેનનો બ્રોન્ઝ મેડલ જીછૈં દ્રર્ઝઈ ગાંધીનગર અને ભારતીય પેરા એથ્લેટિક્સ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. વ્યક્તિગત મુશ્કેલીઓનો સામનો કરીને એશિયાની સૌથી મોટી બહુ-રમત સ્પર્ધાઓમાંની એકમાં પોડિયમ સુધી પહોંચેલી તેજલબેનની સફર દૃઢ નિર્ધાર, સમર્પિત કોચિંગ અને સહાયક ઉચ્ચ-પ્રદર્શન તાલીમ વ્યવસ્થાની અસરકારકતાનું પ્રેરણાદાયી ઉદાહરણ છે.

હવે મહિલા ૪૦૦ મીટર T૧૨ સ્પર્ધા માટે તૈયારી કરી રહેલી તેજલબેન પોતાના બ્રોન્ઝ મેડલથી મળેલા આત્મવિશ્વાસ અને ગતિને જાળવી રાખીને ભારત માટે વધુ સફળતા મેળવવાનો પ્રયાસ કરશે.

સંપત્તિ આપે તે સંત નહીં, સ્વભાવ સુધારે તે સંત

સંતની નજરમાં બેઠેલા શ્રીકૃષ્ણ - કૃપાનું અમૃત, મહાપ્રસાદનું રહસ્ય અને માતૃઋણનો ધર્મ

ગઈકાલે નવ દિવસની શક્તિની આરાધના ઉપાસના કરી જે દશ વિકૃતિઓ બહાર આવી તેનું દહન કરી વિજયાત્સવ ઉજવ્યો. તેની સાથે આજે જોઈએ તો માણસની આંખ શું જુએ છે તેના પરથી તેનું જીવન નક્કી થાય છે. કામીની આંખમાં વાસના હોય છે, લોભીની આંખમાં લોભ હોય છે, ક્રોધીની આંખમાં અંગારા હોય છે. પણ સંતની આંખ શુદ્ધ હોય છે, પવિત્ર હોય છે. કેમ? કારણ કે સંતની આંખમાં સંસાર નથી હોતો, સંતની આંખમાં સાક્ષાત શ્રીકૃષ્ણ બેઠેલા હોય છે.

જેની આંખમાં શ્રીકૃષ્ણ બેઠા હોય, તેની નજર પડે ત્યાં જીવનું કલ્યાણ થઈ જાય. તે નજર સામાન્ય નજર નથી, તે કૃપા છે. ભાગવતમાં નારદજી પોતાના પૂર્વ જન્મની કથા કહેતા આ જ રહસ્ય સમજાવે છે કે સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે અને એક મહાપ્રસાદથી દાસીપુત્રમાંથી દેવર્ષિ બની જવાય છે.

આ કથા માત્ર નારદની નથી, આ દરેક જીવની કથા છે જે ગુરુને શોધે છે.શાસ્ત્ર કહે છે, સંતની કૃપા ત્રણ પ્રકારે વરસે છે.સામાન્ય માણસ કોઈને વારંવાર જુએ તો તેમાં વાસના હોય,પણ સંત વારંવાર જુએ તો તેમાં વાત્સલ્ય હોય. જેમ સોની વારંવાર સોનાને નિહાળે, તેમ સંત વારંવાર જીવને નિહાળે. તે શું જુએ છે? તેના અંદરના મેલને જુએ છે અને પોતાની નજરથી બાળી નાખે છે.

નારદજી કહે છે - મારા ગુરુ મને વારંવાર નિહાળે અને કહે, આ છોકરો બહુ ડાહ્યો છે. ગુરુજીને આનંદ થાય કે આ જીવ જાતિહીન છે, પણ કર્મહીન નથી.

કેટલું મોટું વાક્ય છે! હું દાસીપુત્ર હતો, જાતિથી નીચો હતો. સમાજ મને નહોતો ગણતો. પણ ગુરુને જાતિ નથી દેખાતી,ગુરુને કર્મ દેખાય છે. જેનામાં ભજન કરવાની તમન્ના છે, જે કર્મહીન નથી, એટલે કે જે આળસુ નથી,તેના પર સંતની નજર પડે જ છે.સંત જેને પ્રેમથી નજર આપે છે તેનું કલ્યાણ થાય છે

સંત જ્યારે એકાંતમાં બેસીને માળા કરે છે, ત્યારે જો કોઈ જીવને યાદ કરે, તો તે જીવનો ઉદ્ધાર થઈ જાય છે. આ કૃપા દૃષ્ટિ કરતાં પણ મોટી છે. દૃષ્ટિ તો સામે હોય ત્યારે પડે, પણ સ્મૃતિ તો દૂર હોય ત્યારે પણ કામ કરે.

ગુરુ પોતાની માળાનું પુણ્ય, પોતાના તપનું ફળ શિષ્યને આપી દે છે. આથી જ કહ્યું છે કે ગુરુની માળામાં તમારું નામ આવે તેના માટે તરસો.

સંત જ્યારે કોઈને પ્રેમથી ભેટી પડે છે,ત્યારે તે માત્ર શરીરને નથી ભેટતો તે તેના અંદરની શક્તિને,તેના અંદર ના ભાવને સામેવાળામાં રેડી દે છે. આ ભેટ એટલે શક્તિપાત. જીવનું હૃદય બદલાઈ જાય છે.

ત્રણેય કૃપાનો સાર એક જ છે.સંત ની નજરમાં શ્રીકૃષ્ણ છે, એટલે તે નજર જ્યાં પડે ત્યાં કૃષ્ણ પ્રગટે.

નારદજી કહે છે - હું દાસીપુત્ર હતો. મને ખાવાનું કોણ આપે? મારું કોઈ સ્થાન ન હતું. સમાજમાં હું તુચ્છ હતો.

ચાતુર્માસમાં સંતો અમારા ગામમાં આવ્યા હતા. હું નાનો હતો, મારી મા દાસી હતી. સંતો જમી રહ્યા પછી હું તેઓના એઠાં પતરાવળાં ઉઠાવતો હતો. આ મારી સેવા હતી. હલકામાં હલકું કામ, પણ હું પ્રેમથી કરતો હતો. કોઈ ફરિયાદ નહીં, કોઈ અપેક્ષા નહીં.

એક દિવસ સંતો જમી રહ્યા પછી હું પતરાવળાં ઉઠાવતો હતો, ત્યાં ગુરુજીએ પૂછ્યું-હરિદાસ,તેં ભોજન કર્યું કે નહીં? મેં ના પાડી.

ગુરુને મારા પર દયા આવી. ગુરુદેવે મને આજ્ઞા કરી - આ પતરાવળામાં મેં જે રાખ્યું છે તે તારા માટે છે. એ મહાપ્રસાદ છે તે તું જ ખાજે! મેં પ્રસાદ લીધો.

અહીં બહુ મોટું શાસ્ત્ર રહસ્ય છે. શાસ્ત્રની મર્યાદા છે કે ગુરુજીની આજ્ઞા વિના તેમનું ઉચ્છિષ્ટ ખાવું નહીં. ગુરુનું એંઠું એમ ને એમ ન ખવાય, તે અપરાધ છે. પણ જો સંત પોતે કલ્યાણની ભાવનાથી પ્રસાદ તરીકે આપે તો તે અપરાધ નથી, તે કલ્યાણ છે.

સંતના પતરાવળાંમાં શું હોય? અન્ન નથી હોતું, અમૃત હોય છે. કારણ કે સંત જ્યારે જમે છે, ત્યારે તે અન્નને પહેલા ભગવાનને અર્પણ કરે છે. ×બ્રહ્માર્પણં બ્રહ્મ હવિઃ× - તે અન્ન બ્રહ્મ બની જાય છે.મેં પ્રસાદ ગ્રહણ કર્યો, મારા સર્વ પાપ નાશ પામ્યા. મને શ્રીકૃષ્ણ પ્રેમનો રંગ લાગ્યો.

તે દિવસે હું કીર્તનમાં ગયો. ત્યારે મને નવો જ અનુભવ થયો. હું આનંદમાં થૈ થૈ નાચવા લાગ્યો. અતિ આનંદમાં દેહાધ્યાસ છૂટે છે. શરીરનું ભાન ભૂલી જવાય છે. કીર્તનભક્તિ શ્રીકૃષ્ણને અતિશય પ્રિય છે. મને બાલકૃષ્ણનો અનુભવ થયો.

જુઓ, એક વારની નજર અને એક વારનો પ્રસાદ - આખો જન્મ બદલાઈ ગયો. દાસીપુત્રમાંથી દેવર્ષિ નારદ બની ગયો. આ સંતકૃપાની તાકાત છે. સંપત્તિ આપીને સુખી કરે એ સંત નહીં, પણ તમારા મનને સુધારે, સ્વભાવને સુધારે, ભક્તિને વધારે તે સાચો સંત.નારદજી આગળ કહે છે - હું ઓછું બોલતો હતો એટલે મારા ઉપર સંતની કૃપા થઈ.

આજના યુગનું સૌથી મોટું સૂત્ર છે. આજે આપણે બહુ બોલીએ છીએ. સવારથી સાંજ સુધી મોબાઈલમાં, ઘરમાં, ઓફિસમાં બોલ બોલ કરીએ છીએ. જેટલું વધુ બોલીએ, તેટલી શક્તિ ઓછી થાય. વાણી એ શક્તિ છે, તેને વેડફવી નહીં.

સંતો સર્વમાં સદ્ભાવ રાખે છે, પણ જે ઓછું બોલે છે, જે સેવા કરે છે, જે વિનમ્ર છે, તેના પર ખાસ કૃપા કરે છે. ગુરુદેવે મારા ઉપર ખાસ કૃપા કરી મને ગાયત્રી મંત્ર આપ્યો. આ મંત્ર ચિત્તશુદ્ધિનો મંત્ર છે. ચિત્ત શુદ્ધ થાય તો જ કૃષ્ણ પ્રેમ ટકે.

મૌન એટલે માત્ર જીભ બંધ કરવી એવું નથી, મૌન એટલે મનને શાંત કરવું.જેનું મન શાંત છે,તેના હૃદયમાં ગુરુનો મંત્ર ઝડપથી ઉતરે છે.

ચાતુર્માસ પૂરો થતાં ગુરુજીને ગામ છોડીને જવાનો દિવસ આવ્યો. ગુરુજી હવે જવાના તે જાણી મને દુઃખ થયું. મેં ગુરુજીને કહ્યું - ગુરુજી, આપ મને સાથે લઈ જાવ. હું આપને શરણે છું. હું તમારે ઓટલે પડ્યો રહીશ. હું તમારું હલકામાં હલકું કામ કરીશ.

આ દરેક સાચા શિષ્યનું હૃદય છે. ગુરુ મળ્યા પછી બીજું કંઈ નથી જોઈતું. ગુરુના ચરણોમાં જ રહેવું છે.પણ ગુરુદેવે કહ્યું - આ જન્મમાં તારે તારી માતાનું ઋણ ચૂકવવાનું છે, માટે માનો ત્યાગ કરીશ નહીં. નહીં તો તારે ફરીથી જન્મ લેવો પડશે. તું ઘરમાં રહી પ્રભુનું ભજન કર!

અહીં ગુરુએ બહુ મોટો ધર્મ સમજાવ્યો. ભક્તિના નામે માતા-પિતાનો ત્યાગ કરવો એ ભક્તિ નથી, તે અધર્મ છે. ઋણ ચૂકવવું પડે. માતાનું ઋણ તો ભગવાન પણ નથી ચૂકવી શકતા. ભગવાન રામ પણ પિતાની આજ્ઞાથી વનમાં ગયા હતા.

ત્યારે મેં તેમને કહ્યું - આપે કથામાં કહ્યું હતું કે પ્રભુના ભજનમાં જે સાથ આપે તે જ સગો છે. એ જ સાચો સ્નેહી. મારી માતા જો મારા ભજનમાં વિક્ષેપ કરનારી હોય તો મારે શું મારી માતાનો ત્યાગ ન કરવો? સંસારી મા-બાપને એવી ઈચ્છા થતી નથી કે મારો પુત્ર પરમાત્મામાં તન્મય થાય, ભાગવત ભક્ત થાય.

આ પ્રશ્ન આજના દરેક યુવાનનો છે. ભજન કરવું છે, પણ ઘરવાળા નથી સમજતા. નોકરી, લગ્ન, જવાબદારી - બધું ભજનમાં વિઘ્ન કરે છે. શું કરવું?

આ વાતને સમજાવવા માટે શાસ્ત્ર માં મીરાંબાઈની કથા આવે છે.

મીરાંબાઈને લોકોએ બહુ ત્રાસ આપ્યો, ત્યારે મીરાંબાઈએ તુલસીદાસજીને પત્ર લખ્યો હું ત્રણ વર્ષની હતી, ત્યારથી ગિરધર ગોપાલ સાથે પરણી છું. આ સગાંસંબંધીઓ મને બહુ ત્રાસ આપે છે. મારે હવે શું કરવું?

તુલસીદાસજીએ ચિત્રકૂટથી જવાબ લખ્યો - કસોટી સોનાની થાય છે, પિત્તળની નહીં. તારી આ કસોટી થાય છે. જેને સીતારામ પ્યારાં ન લાગે, જેને રાધાકૃષ્ણ પ્યારાં ન લાગે એવો જો સગો ભાઈ હોય તો પણ તેનો સંગ છોડી દેવો. દુસંગ સર્વથા ત્યજવા યોગ્ય છે.

મીરાંબાઈએ પત્ર વાંચ્યો પછી મેવાડનો ત્યાગ કર્યો અને વૃંદાવન આવ્યાં. ભક્તિ વધારવી હોય તો મીરાંબાઈનું ચરિત્ર વાંચો.પણ અહીં વિવેક સમજો.મીરાંબાઈના સાસરિયાં તેમને ઝેર આપતા હતા,

આભાર - નિહારીકા રવિયા મારવા તૈયાર હતા,ભજનમાં પૂરો વિઘ્ન કરતા હતા. ત્યાં ત્યાગ ધર્મ છે. પણ નારદની મા માત્ર અજ્ઞાની હતી, દ્વેષી ન હતી. જ્યાં અજ્ઞાન છે ત્યાં સુધારવું, જ્યાં દ્વેષ છે ત્યાં ત્યાગ કરવો.એટલે ગુરુજીએ કહ્યું - તું માનો ત્યાગ કરે એ મને ઠીક લાગતું નથી. ઠાકોરજી બધું જાણે છે. તારા ભજનમાં જો તારી મા વિક્ષેપ કરશે તો ઠાકોરજી કાંઈક લીલા કરશે. ભક્તિમાં વિઘ્ન કરનારનો ભગવાન વિનાશ કરે છે. કદાચ તારી માને ઉઠાવી લેશે અથવા તારી માની બુદ્ધિ ભગવાન સુધારશે.માટે ઘરમાં રહે અને આ મહામંત્રનો જપ કર. માનો અનાદર કરીશ નહીં. સતત જપ કરવાથી પ્રારબ્ધ ફરે છે.જપની ધારા તૂટે નહીં તે ખ્યાલ રાખજે.

અંતે ગુરુનો એક જ ઉપદેશ છે - સતત જપ કરવાથી પ્રારબ્ધ ફરે છે. જપની ધારા તૂટે નહીં.

આપણે બધા પ્રારબ્ધની ફરિયાદ કરીએ છીએ - નસીબ ખરાબ છે, સમય સારો નથી. પણ નારદ કહે છે - પ્રારબ્ધ ફરે છે. કેવી રીતે? જપથી.

જપ એ માત્ર માળા નથી, જપ એ ધારા છે. જેમ નદીની ધારા સતત વહે છે, તેમ અંદર રામનામની, કૃષ્ણનામની ધારા વહેવી જોઈએ. ધારા તૂટે નહીં, તેનું ધ્યાન રાખવું.

મેં ગુરુજીને કહ્યું, આપ જપ કરવાનું કહો છો... પણ આગળ શું થયું તે તો ભાગવતમાં છે. પણ આટલું નક્કી છે -જેને ગુરુ એક વાર પ્રેમથી નિહાળી લે, જેને એક વાર માળામાં સંભારી લે, જેને એક વાર મહાપ્રસાદ આપી દે, તેનું તો કલ્યાણ થઈ જ ગયું.

સંસારી મા-બાપ પુત્રને સંસારનું જ્ઞાન આપે છે, પણ ગુરુ પુત્રને પરમાત્માનું જ્ઞાન આપે છે. બંનેનું ઋણ ચૂકવો, પણ બંનેમાંથી ગુરુનું ઋણ મોટું છે.

તમારા જીવનમાં પણ કોઈ સંતની નજર પડે, તમને કોઈ માળામાં સંભારે, એ જ પ્રાર્થના સાથે.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

The Chief of the Air Staff (CAS), Air Chief Marshal AP Singh, today completed his final flying sortie in an Indian Air Force (IAF) aircraft



flying the HJT-16 Kiran Mk-1 trainer aircraft and bringing a memorable chapter of his flying career to a close."The 55 minute sortie was particularly special as the CAS flew with his first flying instructor, Wing Commander V. S. Kochar (Retd), in aircraft bearing tail number U 707. The occasion marked a poignant reunion between instructor and student, reconnecting the CAS with the beginnings of his flying journey in the Indian Air Force."The CAS undertook his first-ever flying sortie on 28 January 1984. More than four decades later, today's sortie in the Kiran brought his flying journey in the IAF full circle, symbolising the enduring bond between a pilot, his instructor and the skies that shape professional life.""The occasion was a tribute to the rich tradition of flying training in the Indian Air Force and to the invaluable role played by flying instructors in nurturing generations of air warriors. The instructors remain mentors throughout the life of the aircrew."" The return to the Kiran, an iconic trainer aircraft associated with the training of IAF pilots, added special significance to the sortie.""The presence of Wg Cdr V. S. Kochar (Retd), who had guided the CAS during his earliest flying days, made the occasion especially meaningful, bringing together memories of the CAS's first flight and the culmination of his flying journey in IAF aircraft.""With this sortie, the CAS concluded a distinguished chapter of flying, carrying forward the experience, discipline and commitment that have defined his association with the Indian Air Force.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No.167

વિષયઃ-"સાહિત્યક મંચોનું આંતરિક રાજકારણ"

શિર્ષક;"સફળતા-નિષ્ફળતાનું દ્વંદ્વ"

★પ્રકારઃ- ગદ્ય

શબ્દઃ-૩૫૦

સાહિત્યક મંચોનું આંતરિક રાજકારણ એ આજના સમયમાં સર્જકો સામે મોટો પડકાર છે.આજે વિવિધ સ્તરે સાહિત્યનું સ્વરૂપ બદલાતું રહે છે.આપણે જાણીએ છીએ કોઈપણ સ્થિતિમાં બદલાઉ આવે એ જરૂરી છે પણ એ બદલાઉ સકારાત્મક હોય તો કોઈ નુકશાન નથી થવાનું પણ જો એ બદલાઉ નકારાત્મક હશે તો લાંબે ગાળે નુકશાન કર્તા છે.

કવિશ્રી કલાપીજીની બહુ પ્રસિદ્ધ પંકતી છે. કે જે" પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી. આજે આ જ પરિસ્થિતિ સર્જકો સામે પડકાર બનીને ઉભી છે. સર્જન કરે એ સર્જક. સર્જન અનેક પ્રકારનું હોય છે. કંઈપણ સર્જન કરવું એ કંઈ સરળ નથી હોતું. પછી ભલે એ સાહિત્યિક હોય કે બીજું કોઈ સર્જન. સાહિત્યિક સર્જનમાં પણ વિવિધતા હોય છે. આજે સાહિત્યક ક્ષેત્ર અનેક મંચો કાર્યરત છે.મંચના સંચાલન માટે કમિટી અને કાર્યશીલ સભ્યોની જરૂર પડે છે.

સાહિત્યિક સર્જન પર કોઈપણ પ્રકારના વાદવિવાદ વગર વિવેચન અને પ્રતિભાવની જરૂર હોય છે.આજે સોશિયલ મીડિયાના આવિષ્કાર અને પ્રચાર પછી પરિસ્થિતિ બદલાય ગઈ છે. શુદ્ધતાની માત્ર ઘટીને ભેળસેળની માત્ર વધી ગઈ છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી કોપી પેસ્ટનો યુગ આવી ગયો છે. પહેલાં કોઈનું સર્જન ચોરી લેવું કે પોતાના નામે પ્રસિદ્ધ કરવું એ નૈતિક ગુનો ગણી કોઈ એ પ્રકારની ચેસ્ટા કરતું નહોતું. જ્યારે આજે સર્જક સામે ટેકનોલીજીનો ઉપયોગ અને કોઈની પણ રચનામાં સુધારો કરી કોપી પેસ્ટ કરી પોતાના નામે પ્રસિદ્ધમાં જરાપણ શરમ કે હીચકીચટ અનુભવતા નથી.

સાહિત્યિક મંચમાં ઘણી વખત આંતરિક મતભેદો અને વિચારોની લડાઈથી આંતરિક રાજકારણ ઉભું થાય છે એ પણ સર્જકો સામે એક પડકાર તો છે જ સાથે સાથે સાહિત્યને પણ નુકશાન કરે છે. આજે આપણે જોઈ શકીએ છીએ કે વર્ચસ્વની લડાઈ અને એક બીજા મંચ કે વ્યક્તિને નીચા દેખાડવા માટે સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.

આજે સાહિત્યિક ક્ષેત્રમાં અનેક ગૃપો હોય છે. એક બીજા ગૃપો ટીવી સિરિયલની જેમ પોતાનું વર્ચસ્વ વધારવા માટે કોઈપણ પ્રકારની પદ્ધતિ અપનાવે છે. કાવાદાવા અને કીચડ ઉછાળે છે. ગ્રુપમાં તોડફોડ કરતા હોય છે. સંચાલકો, એડમીનની સૂચનાઓ અવગણતા હોય છે જે સાહિત્યની આભાને ઘટાડે છે.

આજે સાહિત્યનું મૂલ્ય અને મહત્વજ બદલાય ગયું છે. છીછરાપણું આવી ગયું છે. અમુક હદે સાહિત્યની સર્જકની ગરીમાંનું કોઈ મહત્વ નથી જળવાતું. અને જ્યારે સાહિત્યિક મંચોમાં ગંદુ રાજકારણ રમાય છે ત્યારે સાહિત્યની અવગણના થતી લાગે છે.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)

★★★★★★★

NOGSS NO : 161

વિષય : સાહિત્યિક મંત્રોનું આંતરિક રાજકારણ

શીર્ષક : સાહિત્યનાં આટાપાટા

પ્રકાર : લેખ શબ્દો : ૨૬૬

સાહિત્ય જગતની વાત કરીએ તો કેટલીક વ્યક્તિઓ ખરા અર્થમાં પુસ્તકોને વરેલી હોય છે. એવા લોકો સાહિત્ય ક્ષેત્રે એટલા તો રચ્યાપચ્યા હોય છે કે એવું કહી શકાય કે જાણે પુસ્તકીયા કીડા! એક પુસ્તક ઉપાડીને તેની તરફ મીટ માંડીને જોઈ લીધા પછી તેના વાંચનમાં આખી રાત ક્યાં વીતી જાય એની ખબર જ ના પડે! તેના એકે એક શબ્દોને જાણી, સમજીને મનોમન શબ્દમાં તલ્લીન બની જાય.

સાહિત્ય ક્ષેત્રે એક પછી એક શિખરો સર કરવા એ કંઈ નાનીસૂની વાત નથી. મોખરે રહેવા માટે કંઈ કેટલાય પડકારોનો સામનો કરવો પડે છે. દુન્યવી જીવનમાંથી સમય કાઢીને સાહિત્ય ક્ષેત્રે ઝંપલાવવું એ જ એક મોટો પડકાર છે. વિશાળ શબ્દવેલીને વિંટળાઈને રહેવું એ ખૂબ જ કઠિનતા ભરેલું કામ છે. લેખક પોતાની લાગણીને શબ્દો દ્વારા નિચોવીને સુંદર રચના રચે પરંતુ ક્યારેક આવી રચનાની ઊઠાંતરી કરનારા સાહિત્યિક તસ્કરોની પણ ખોટ નથી. અન્યની લાગણી સામે ચેડાં કરવા, ધર્મ વિરોધી લેખ લખીને જનમાનસ ને ઉશ્કેરવા, પાવન કલમને નિઃશુલ્ક બાબતોથી ઘેરાયેલી રાખવી, વગેરેથી આદર્શ સાહિત્યકારની છાપ પાંગળી સાબિત થાય છે. તો વળી કેટલાક સાહિત્યકાર નિતનવા આકર્ષક શબ્દોથી હંમેશા આકર્ષણનું કેન્દ્ર બની જતા હોય છે. આ બધામાં માનવતાનુ અને માનવાધિકારનુ પતન ના થવું જોઈએ. ખરા અર્થમાં આદર્શ રચયિતા ખૂબ જતન કરીને, એક એક વાક્યો અને પંક્તિઓને મઠારીને જ્યારે જનસમુદાયમાં વહેતી મૂકી છે ત્યારે એ જ્ઞાન સરિતા જ્ઞાન સાગરમાં સમાઈ જાય છે અને ત્યારે ઉત્તુંગ શિખરો સર કર્યાનો આનંદ એ સર્જકને એટલો તો અદ્ભુત હોય છે કે તેનું શાબ્દિક વર્ણન અશક્ય છે, પરંતુ માનવાધિકાર છીનવાય નહીં એવું શાબ્દિક જતન અવશ્ય કરી શકાય. આમ જોવા જઈએ તો આજે દરેક ક્ષેત્રમાં રાજકારણ રમાતું જ હોય છે પરંતુ રાજકારણના પ્રવેશથી એ ક્ષેત્રમાં રહેલું સાતત્ય અને પ્રામાણિકતા મરી પરવારે છે. અસ્તુ!

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

★★★★★

NOGSS:226

વિષયઃ સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણઃ-

શીર્ષક :- સાહિત્યિક મંચોનું આંતરિક બખડજંતર

રચનાઃગદ્ય શબ્દો-૩૪૦

સાહિત્યનો મંચ બહારથી જોતાં મંદિર લાગે છે, અંદર જાઓ એટલે ખબર પડે કે આ તો તિજોરી અને તખ્તા માટેની લડાઈ છે.

અહીં શબ્દોની નહીં, સંબંધોની સાધના ચાલે છે. ખાસ કરીને આપણી પ્રતિષ્ઠિત સંસ્થાઓ — ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, સાહિત્ય સંગમ જેવા મંચો પર હવે સાહિત્ય ઓછું, અડ્ડો જમાવવાની કળા વધુ ચાલે છે.

એક જૂથ વર્ષોથી ત્યાં અડ્ડો જમાવીને બેઠું છે. પ્રમુખ, મહામંત્રી, કારોબારી — હોદ્દા એમના બાપની જાગીર હોય એમ ફરે છે. તેમનો એક જ ધંધો — પોતાના હુંપદને પોષવાનું. મારું નામ આમંત્રણ પત્રિકામાં પહેલા હોવું જોઈએ, મારો ફોટો વચ્ચે હોવો જોઈએ, મારું ભાષણ છેલ્લે હોવું જોઈએ. સાહિત્ય જાય તેલ પીવા, પણ હુંપદ જીવતું રહેવું જોઈએ.

આ લોકો માટે પરિષદ એટલે પેન્શન યોજના. એકવાર ઘૂસ્યા પછી નિવૃત્તિ જ નથી. નવા લેખકને પ્રવેશ આપતા પહેલા તેની જાત નહીં, તેની જાત-ભાત તપાસાય છે — એ આપણો માણસ છે? આપણા જૂથનો મતદાર છે? આપણા સાહેબને દંડવત કરે છે? જો હા, તો તમારું પુસ્તક ગમે તેવું હોય, તમને મંચ મળશે.

અકાદમીમાં તો પુરસ્કારો પણ ટેકાના ભાવે વહેંચાય છે. તું મને પુરસ્કાર અપાવ, હું તને વિદેશ પ્રવાસમાં લઈ જઈશ. ગઈકાલે જેની કવિતાને રદ્દી કહી હતી, આજે એ જ અકાદમીનો સલાહકાર છે, કારણ કે એણે ચાપલૂસીની કળામાં પીએચ.ડી. કર્યું છે. સાચા સર્જકને તો ખૂણામાં ધકેલી દેવાય છે.

સૌથી મોટો કટાક્ષ તો એ છે કે આ બધા મંચ પરથી ગંભીર મોં કરીને બોલે છે — સાહિત્યમાં જૂથબંધી ન હોવી જોઈએ. અને તાળીઓ પાડનારા એ જ લોકો હોય છે, જેમણે સવારે જ ફોન કરીને બીજા લેખકનું નામ યાદીમાંથી કઢાવ્યું હોય.

અહીં પુસ્તક વેચાતું નથી, લેખક વેચાય છે. ખુરશી માટે લડત ચાલે છે. અને વાચક? વાચક તો બહાર ઊભો તાળી પાડતો મૂર્ખ છે, જેને એમ લાગે છે કે તે સાહિત્ય સાંભળી રહ્યો છે. ખરેખર તો તે એક નાટક જોઈ રહ્યો છે, જેની સ્ક્રિપ્ટ વર્ષો પહેલા પરિષદની લોબીમાં લખાઈ ચૂકી છે.

શબ્દ મરી ગયો છે, હોદ્દા જીવી રહ્યા છે, અને સાહિત્ય રડી રહ્યું છે. આ એ જ સાહિત્યકારો છે જે શબ્દને મારીને પોતાની ખુરશીને અમર બનાવવા મથી રહ્યા છે અને ઇતિહાસ તેમને ક્યારેય માફ નહીં કરે એ જ સૌથી મોટી કરુણતા છે આજે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)શ્ર?

★★★★★★★

NOG SS NO.:101

વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ

શીર્ષક : સર્જન અને સત્તા

પ્રકાર : લેખ શબ્દો : ૩૫૦

સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ એ સર્જન

આભાર - નિહારીકા રવિયા અને સત્તા વચ્ચેનો સનાતન સંઘર્ષ છે. સાહિત્ય મૂળે તો સત્યની સાધના છે, પરંતુ જ્યારે સાહિત્યિક મંચ સત્તાનું સાધન બની જાય છે ત્યારે શબ્દની સાધના ક્ષીણ થવા લાગે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓ જેનો ઉદ્દેશ ભાષાના સંવર્ધન અને સર્જકના સન્માનનો હતો, તે આજે ઘણીવાર વ્યક્તિગત પ્રતિષ્ઠા, જૂથનિષ્ઠા અને પ્રભુત્વની હરીફાઈનું ક્ષેત્ર બની રહી છે. અમદાવાદમાં હમણાં યોજાયેલી ચૂંટણીમાં પ્રગટ થયેલી ગાળગલોચ એ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ લાંબા સમયથી સંચિત થતા સાંસ્કૃતિક ક્ષયનો જાહેર વિસ્ફોટ છે.

કોઈ પણ સાહિત્યિક મંચ ક્યારેય તટસ્થ હોતો નથી, તેની પાછળ સૂક્ષ્મ રીતે સમાજ-શક્તિઓ કામ કરતી હોય છે. આ શક્તિઓ મુખ્યત્વે ત્રણ સ્વરૂપે પ્રગટે છે. એક તો પ્રતીકાત્મક મૂડી, એટલે કે કોણે કેટલા પુરસ્કારો મેળવ્યા, કોણ કેટલા હોદ્દાઓ ભોગવે છે અને કોનો શબ્દ કેટલી સંસ્થાઓમાં પ્રમાણભૂત ગણાય છે તેના આધારે વર્ચસ્વ નક્કી થાય છે. બીજું સામાજિક નેટવર્કનું જાળું, જેમાં કોણ કોનો શિષ્ય છે, કોના પુસ્તકનું વિમોચન કોણે કર્યું અને કોણ કોના સામયિકમાં નિયમિત પ્રગટે છે તે અદૃશ્ય સંબંધો ચૂંટણીના મત કરતાં પણ વધુ નિર્ણાયક બની રહે છે. અને ત્રીજું ભાષા પરના કબજાનું રાજકારણ, જ્યાં શુદ્ધ સાહિત્ય, લોકાભિમુખતા કે પ્રગતિશીલતા જેવા ખ્યાલોને વ્યાખ્યાયિત કરવાની સત્તા જેના હાથમાં હોય તે સમગ્ર સાહિત્યિક વિચારધારા પર નિયંત્રણ રાખી શકે છે. જ્યારે આ શક્તિઓનો વિનિયોગ નવા સર્જકને અવકાશ આપવા માટે નહીં, પરંતુ પોતાના જૂથને ટકાવી રાખવા માટે થાય છે ત્યારે મંચની અંદરનું રાજકારણ વધુ કુટિલ બનતું જાય છે.

સાહિત્ય પરિષદની ચૂંટણી મૂળભૂત રીતે વિચારોની ચૂંટણી હોવી જોઈએ, પરંતુ વ્યવહારમાં તે વ્યક્તિઓની પ્રતિષ્ઠાની લડાઈ બની જાય છે. બીજું ભાષાનું અવમૂલ્યન, જે સર્જક શબ્દને બ્રહ્મ કહેતો હોય તે જ જ્યારે પોતાના પ્રતિસ્પર્ધી માટે ગાળનો પ્રયોગ કરે છે ત્યારે તે પોતાની જ સાહિત્યિક યોગ્યતા પર પ્રશ્નચિહ્ન મૂકે છે. ગાળ હંમેશા દલીલની નિષ્ફળતાનું પ્રમાણ છે.

જ્યાં સુધી સમાજમાં સત્તાને સેવાના નહીં પણ ઉપભોગના સાધન તરીકે જોવામાં આવશે ત્યાં સુધી સાહિત્યના મંદિરમાં પણ આ કોલાહલ ચાલુ રહેવાનો છે. દરેક સર્જકે આખરે પોતાના માટે નક્કી કરવાનું છે કે તેને મંચ જોઈએ છે કે શબ્દ, કારણ કે જેને શબ્દનું વરદાન મળ્યું હોય તેને મંચની ભીખ માંગવાની આવશ્યકતા રહેતી નથી.

ભરત સાંગાણી (અમદાવાદ)

★★★★★★★

NOG SS No - 195

વિષયઃ સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ

શીર્ષકઃ છોડી દેવા છે

પ્રકારઃ કાવ્ય

શબ્દોઃ ૧૦૧

અણગમતાથી આઘા થઈ, મંચ છોડી દેવા છે,
વાહ વાહી નથી કરવી, રદ્દી રૂપ છોડી દેવા છે.
સમજ્યા વિના સાહિત્યમાં રાજકારણ ખેલાય,
એ નકામાને નુગરા, નકલી સ્વરૂપ છોડી દેવા છે.

લેખીની છે લાખની અને કલમ કરોડોની કહો,
કીર્તિ ને કામના કીકીમાં એ કુરૂપ છોડી દેવા છે.

નિર્ણયમાં નફ્ફટાઈ જેના નજર અંદાજ નકલી,
રચનાઓમાં રાજકારણના રંગરૂપ છોડી દેવા છે.

ભીડમાં નથી ભીડાવું અમૃત ચિત્તમાં નથી ચિડાવું,
શરમ વગરના સંગાથી સાહિત્યકાર છોડી દેવા છે.

સાહિત્ય સોનાનું છે એમાં સ્વાર્થવેડા છોડો સખી,
કૂડીયા, કપટી ને કામી કવિઓ તરસોડી દેવા છે.

સમજી જાવ મરમ સાહિત્યમાં રાખો થોડી શરમ,
જ્યાં રમાય ગંદુ રાજકારણ એ મંચ તોડી દેવા છે.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

★★★★★★★

NOG SS NO: 411

વિષયઃ સાહિત્યિક મંચનું આંતરિક રાજકારણ

શીર્ષકઃ મંચની મહેફિલ

પ્રકારઃ પદ્ય

શબ્દ સંખ્યાઃ ૭૦

જે બોલે, એના જ બોર વેચાય છે,
મંચ પર કેવા ખેલ ખેલાય છે!

ખાલી ચણો વાગે ઘણો, વાહવાહી થાય છે,
દમ ન હોય વાતમાં, તોયે વહાણ હંકાય છે.

મસ્કાના પ્રભાવે માનપાન અપાય છે,
સાચો કલમનો જીવ ખૂણે કચડાય છે.

દરેક ચમકતી વસ્તુ ક્યાં સોનું ગણાય છે?
સાચી કળાની પરખે જ ભેદ સમજાય છે.

ખોટી વાહવાહીથી ભલે નામ કમાય છે,
સાચી કલાની સાધના અંતે પૂજાય છે.

નંદકિશોર સંજાણવાલા, મુંબઈ

★★★★★★

NOGSS: 168

વિષયઃ સાહિત્યિક મંચનો આંતરિક રાજકારણ

શીર્ષકઃ મંચ કોઈની જાગીર નથી.

પ્રકારઃ પદ્ય સંખ્યાઃ૧૦૮

હે મા સરસ્વતી તારા મંચ પર ખેલૈયા ખેલ ખેલે છે!!
સદબુદ્ધિ દે એને મા સાહિત્ય સમાજનું દર્પણ છે.

સ્વાર્થનાં કાવા દાવામાં ભૂલી ગયાં છે પવિત્ર મંચને,
ખેંચતાણની સાંકળમાં ભૂલી ગયા છે માનવ ધર્મ ને.

ખેંચતાણની સાંકળમાં અહંકાર સામે દેખાઈ આવ્યું,
સાહિત્ય આત્માનો અવાજ છે આત્માને બુલંદ કરીએ.

સાહિત્ય સર્જકોના મંચ પર નવાં ચહેરાનું સન્માન કરીએ,
ચોરી ન કરીએ સર્જકો ના સર્જનની... કે આત્માને ડંખે,

મેકઅપની આ દુનિયામા મનુષ્યને ઓળખવો મુશ્કેલ છે!!
આ કેવો ખેલ ખેલે છે તું મનુષ્ય તને કોઈ ઓળખી ન શકે.

પ્રતિષ્ઠિત પદ માટે ખુદની પ્રતિષ્ઠા ગુમાવવા તું તૈયાર છું .
સદબુદ્ધિ દે એવા મૂર્ખાને મા મંચ કોઈની જાગીર નથી.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં પ્રાચી પાંડેએ બ્રોન્ઝ મેડલ જીતીને રચ્યો ઇતિહાસ

ગાંધીનગર, ૨૦ ઓક્ટોબર ૨૦૨૬: ભારતીય પેરા ટેબલ ટેનિસ માટે ઐતિહાસિક સિદ્ધિ નોંધાવતાં, ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછેં)ના નેશનલ સેન્ટર ઑફ એક્સેલન્સ (દ્રર્ઝઈ), ગાંધીનગર ખાતે તાલીમ લઈ રહેલી ખેલો ઈન્ડિયાની ખેલાડી પ્રાચી પાંડેએ જાપાનના આઇચી-નાગોયામાં યોજાઈ રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં મહિલા સિંગલ્સ ક્લાસ ૬ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે.



પ્રતિષ્ઠિત ખંડીય રમતોત્સવમાં પ્રથમ વખત ભાગ લઈ રહેલી ૩૩ વર્ષીય અને વિશ્વ ક્રમાંક ૧૭ ધરાવતી પ્રાચીએ આ સ્પર્ધામાં ભારતને પ્રથમ વખત ચંદ્રક અપાવ્યો છે. તેમની આ સિદ્ધિ ભારતીય પેરા ટેબલ ટેનિસના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે અને દેશની પેરા રમતગમતની સિદ્ધિઓમાં વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેરે છે.

પ્રાચીએ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું, જ્યાં તેમનો મુકાબલો ઇરાકની વિશ્વ ક્રમાંક ૫ ધરાવતી ખેલાડી નજલા અલ-દય્યેની સામે થયો હતો. નજલા વર્તમાન પેરાલિમ્પિક્સ અને એશિયન પેરા ગેમ્સની ચેમ્પિયન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત પ્રતિસ્પર્ધીઓ સામે પ્રાચીનું પોડિયમ સુધી પહોંચવું તેમની વધતી વૈશ્વિક ઓળખ, સતત મહેનત અને લાંબા ગાળાની તૈયારીનું પ્રતિબિંબ છે.

ઉત્તર પ્રદેશની વતની પ્રાચીની આંતરરાષ્ટ્રીય રમતગમતની સફળતાની સફર દૃઢ નિશ્ચય, સંઘર્ષ અને કારકિર્દીમાં નોંધપાત્ર પરિવર્તનની પ્રેરણાદાયી કહાની છે. તેમણે ચંડીગઢની પંજાબ એન્જિનિયરિંગ કોલેજમાંથી સ્ટ્રીક્ટર.ની ડિગ્રી મેળવી હતી. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન તેમણે ફુલ-સ્ટેક સોફ્ટવેર ડેવલપર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ તેમણે પેરા ટેબલ ટેનિસને પૂર્ણ સમયની કારકિર્દી તરીકે અપનાવવાનો નિર્ણય લીધો હતો. પ્રગતિશીલ ન્યુરોલોજિકલ સ્થિતિને કારણે ઊભા થતા પડકારો છતાં તેમણે સતત મહેનત કરીને ભારતની અગ્રણી પેરા ટેબલ ટેનિસ ખેલાડીઓમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે.

રાષ્ટ્રીય સ્તરે પ્રાચીની કારકિર્દી નોંધપાત્ર રહી છે. તેમણે વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રકો જીત્યા હતા. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૩માં યોજાયેલી પ્રથમ ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં પણ તેમણે સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો અને વર્ષ ૨૦૨૫ની આવૃત્તિમાં પણ આ સફળતાનું પુનરાવર્તન કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રાચીનું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં બ્રાઝિલ પેરા ઓપનમાં પોતાનો પ્રથમ ઇન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશન (ૈંજ્ઞ) ચંદ્રક જીત્યા બાદથી તેમણેૈંજ્ઞ રેન્કિંગ ટુર્નામેન્ટોમાં કુલ ૧૨ ચંદ્રકો મેળવ્યા છે, જેમાં ચાર રજત અને આઠ કાંસ્ય ચંદ્રકોનો સમાવેશ થાય છે. તેમના તાજેતરના પ્રદર્શનમાં ૨૦૨૬ ૈંજ્ઞ વર્લ્ડ પેરા ફ્યુચર ગોલ્ડ કોસ્ટમાં રજત ચંદ્રક તથા ૨૦૨૬ૈંજ્ઞ વર્લ્ડ પેરા ફ્યુચર નાખોન રત્યાસિમા, ૨૦૨૫ૈંજ્ઞ વર્લ્ડ પેરા ચેલેન્જર કાઓશિયુંગ અને ૨૦૨૫ૈંજ્ઞ વર્લ્ડ પેરા ફ્યુચર કોસ્ટા બ્રાવામાં કાંસ્ય ચંદ્રકોનો સમાવેશ થાય છે.

પ્રાચીની સફળતામાં ખેલો ઈન્ડિયા કાર્યક્રમ અને જીછેં દ્રર્ઝઈ ગાંધીનગર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવ્યવસ્થિત ઉચ્ચ-પ્રદર્શન તાલીમ અને સંસ્થાકીય સહાયની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તેઓ જૂન ૨૦૨૩થી આ કાર્યક્રમ સાથે જોડાયેલાં છે.

પેરા સ્પોર્ટ્સ માટે નોડલ સેન્ટર તરીકે નિયુક્ત જીછેં દ્રર્ઝઈ ગાંધીનગર વિશિષ્ટ કોચિંગ, રમત વિજ્ઞાન આધારિત સેવાઓ, આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવાની તકો અને વ્યાપક તાલીમ સુવિધાઓ દ્વારા પેરા ખેલાડીઓ માટેની ઉચ્ચ-પ્રદર્શન તાલીમ વ્યવસ્થાને મજબૂત બનાવી રહ્યું છે. પ્રાચી દરરોજ ત્રણ તાલીમ સત્રોમાં ભાગ લે છે. તેમની તાલીમને સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ, ફિઝિયોથેરાપી, માનસિક તાલીમ, પુનર્વસન અને રિકવરી સેવાઓ પૂરી પાડતી બહુવિષયક ટીમનો સહયોગ મળે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની સ્પર્ધાત્મક ક્ષમતા વધારવા માટે જીછેં દ્રર્ઝઈ ગાંધીનગર દ્વારા ત્રણ આંતરરાષ્ટ્રીય એક્સપોઝર તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેના કારણે તેમને વિશ્વની અગ્રણી ખેલાડીઓ સામે રમવાનો અને મહત્ત્વપૂર્ણ મેચ અનુભવ મેળવવાનો અવસર મળ્યો છે. તેમની તૈયારીને તાલીમ અને સ્પર્ધાના વાર્ષિક કેલેન્ડર (છઝ્રઝ્ર) હેઠળ પણ સહાય મળી છે. એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ના ચક્ર દરમિયાન તેમને અંદાજે ?૨૬.૮૬ લાખની નાણાકીય સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્ર ખાતે રહેણાક સાથેની તાલીમ અને અન્ય વ્યાપક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પોતાની ઐતિહાસિક સિદ્ધિ અંગે પ્રાચી પાંડેએ જણાવ્યું હતું કે, "મારી પ્રથમ એશિયન પેરા ગેમ્સમાં ભારત માટે ચંદ્રક જીતવો એ મારું સ્વપ્ન સાકાર થવા સમાન છે અને મારા માટે અત્યંત ગૌરવની ક્ષણ છે. સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરવાથી લઈને એશિયન પેરા ગેમ્સના પોડિયમ સુધી પહોંચવાની મારી સફર અનેક પડકારો, ત્યાગ અને દૃઢ નિશ્ચયથી ભરેલી રહી છે. ભારતીય રમતગમત પ્રાધિકરણ, ખેલો ઈન્ડિયા કાર્યક્રમ અને જીછેં દ્રર્ઝઈ ગાંધીનગર દ્વારા સતત મળેલા સહયોગ, ગુણવત્તાયુક્ત તાલીમ સુવિધાઓ અને આંતરરાષ્ટ્રીય અનુભવની તકો માટે હું હૃદયપૂર્વક આભારી છું. આ સહાયથી જ હું આ મુકામ સુધી પહોંચી શકી છું. હું મારા કોચ, રમત વિજ્ઞાન ટીમ અને સમગ્ર સફર દરમિયાન મારી સાથે ઊભા રહેલા તમામ લોકોની પણ આભારી છું. આ ચંદ્રક આપણા સૌના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે. તે મને ભવિષ્યમાં વધુ ઊંચું લક્ષ્ય રાખવા અને દેશ માટે વધુ ગૌરવ પ્રાપ્ત કરવા પ્રેરિત કરે છે."

પ્રાચીનો ઐતિહાસિક કાંસ્ય ચંદ્રક જીછેં પ્રાદેશિક કેન્દ્ર, ગાંધીનગર માટે પણ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. આ કેન્દ્ર દ્રર્ઝઈ ગાંધીનગરને પેરા સ્પોર્ટ્સ માટેના અગ્રણી રાષ્ટ્રીય તાલીમ કેન્દ્ર તરીકે વિકસાવવા સતત પ્રયત્નશીલ છે. છ પેરા રમત શાખાઓમાં વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો અને રમત વિજ્ઞાન, આંતરરાષ્ટ્રીય અનુભવ તથા ખેલાડી-કેન્દ્રિત સહાય પર વધતા ભાર સાથે આ કેન્દ્ર ભારતના પેરા રમતગમતના વિકાસમાં પોતાનું યોગદાન સતત મજબૂત બનાવી રહ્યું છે.

પ્રાચીની આ સિદ્ધિ ખેલો ઈન્ડિયા પહેલ અને ભારતીય રમતગમત પ્રાધિકરણ દ્વારા વિકસાવવામાં આવી રહેલી વ્યાપક ઉચ્ચ-પ્રદર્શન રમતગમત વ્યવસ્થાની અસરકારકતા દર્શાવે છે. આ પહેલ હેઠળ પ્રતિભાશાળી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતાપૂર્વક સ્પર્ધા કરવા માટે જરૂરી ટેકનિકલ માર્ગદર્શન, વૈજ્ઞાનિક સહાય અને સંસ્થાકીય સમર્થન પૂરું પાડવામાં આવે છે.

ટેક્નોલોજીના ક્ષેત્રમાં કારકિર્દીથી લઈને એશિયન પેરા ગેમ્સના પોડિયમ પર ઇતિહાસ રચવા સુધીની પ્રાચી પાંડેની પ્રેરણાદાયી સફર દૃઢતા, રમતગમતની શ્રેષ્ઠતા અને ખેલાડીઓના સતત વિકાસની પરિવર્તનકારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.

ગાંધીનગરમાં ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે ભવ્ય દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦, વિજયા દશમીના પાવન પર્વ નિમિત્તે ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં ભવ્ય દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ, શક્તિ ઉપાસના, નારીશક્તિના સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણના ઉમદા સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો, મહિલાઓ, દીકરીઓ, સામાજિક અગ્રણીઓ અને મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ૪૧ દીકરીઓને તલવાર દીક્ષા આપવામાં આવી હતી અને મહિલાઓમાં સ્વરક્ષણ, આત્મવિશ્વાસ, સાહસ તથા રાષ્ટ્રભાવનાની જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

વિજયા દશમીના પર્વે શસ્ત્રપૂજનની પરંપરાને ઉજાગર કરતા આયોજિત આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનું ગૌરવપૂર્ણ પ્રદર્શન જોવા મળ્યું હતું. શસ્ત્રપૂજન દ્વારા શક્તિ, શૌર્ય, સાહસ અને ધર્મના રક્ષણના સંકલ્પને વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ દુર્ગા દૌડના માધ્યમથી સમાજમાં એકતા, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો.

૪૧ દીકરીઓને તલવાર દીક્ષા, નારીશક્તિના સશક્તિકરણનો સંકલ્પ

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ૪૧ દીકરીઓને આપવામાં આવેલી તલવાર દીક્ષા રહી હતી. આ પ્રસંગે દીકરીઓને શારીરિક અને માનસિક રીતે સક્ષમ બનવા, આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવા તથા જરૂરિયાતના સમયે પોતાના સ્વરક્ષણ માટે સજાગ રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નારીશક્તિ એ સમાજની શક્તિ છે અને સશક્ત મહિલા જ સશક્ત પરિવાર, સમાજ તથા રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે, તે ભાવનાને કાર્યક્રમમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજક સંસ્થાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નારીશક્તિના મહત્ત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું. માતા દુર્ગાના શક્તિ સ્વરૂપમાંથી પ્રેરણા લઈને દીકરીઓમાં સાહસ, શિસ્ત, સંસ્કાર અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તેવા હેતુથી તલવાર દીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ યોજાયેલી આશરે ત્રણ કિલોમીટરની ભવ્ય દુર્ગા દૌડમાં ભારતમાતા અને માતા દુર્ગાના જયઘોષ સાથે સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શક્તિ ઉપાસના, રાષ્ટ્રભક્તિ અને સનાતન સંસ્કૃતિના નારાઓથી સમગ્ર નગરનું વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહસભર બની ગયું હતું. દુર્ગા દૌડ માત્ર એક ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમ ન રહેતાં સમાજમાં એકતા, શિસ્ત, નારી સન્માન અને રાષ્ટ્રપ્રેમની ભાવના મજબૂત કરતું જનજાગૃતિનું માધ્યમ બની હતી.

પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને પ્રદૂષણમુક્ત સમાજનો સંદેશ

દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજનના કાર્યક્રમમાં નારીશક્તિના સશક્તિકરણની સાથે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. પર્યાવરણનું જતન કરવું, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી, કચરો ન ફેલાવવો અને પ્રદૂષણથી મુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે, તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

ગંગા સમગ્રના પર્યાવરણલક્ષી અભિગમને અનુરૂપ નદીઓ, જળસ્રોતો અને કુદરતી સંપત્તિની સુરક્ષા પ્રત્યે જનજાગૃતિ કેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવોની ઉજવણી દરમિયાન પણ સ્વચ્છતા તથા પર્યાવરણની સુરક્ષાનું ધ્યાન રાખવામાં આવે તો સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે, તેવો અભિગમ આ કાર્યક્રમ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં કિસાન મોરચાના બાબુભાઈ જેબલીયા, ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિર્વાચિત પ્રતિનિધિઓ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), જયંતિભાઈ ડાભી, વૈદેહીબેન રાવલ અને શારદાબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગંગા સમગ્રના ગુજરાત પ્રાંત સંયોજક અરૂણસિંહ રાજપૂત, ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન પ્રમુખ અને ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડો. ઈલેવાન ઠાકર, વિશ્વ પ્રવાસી સંઘના ડો. મહેશભાઈ મહેતા, ડો. હસમુખ અગ્રવાલ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના પ્રદેશ પ્રમુખ ડો. અશ્વિન ત્રિવેદી, ગાંધીનગર સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ કમલેશભાઈ ઉપાધ્યાય, સામાજિક અગ્રણી સુરેન્દ્રભાઈ સિસોદીયા, ગંગા સમગ્રના પ્રદેશ મહિલા પ્રભારી ક્ષમાબેન શેઠ તથા મહિલા સહપ્રભારી ગાયત્રીબેન શાહ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.


કાર્યકરોની જહેમતથી કાર્યક્રમ સફળ બન્યો

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ભારત રક્ષા મંચના ગાંધીનગર જિલ્લા પ્રભારી કેતનભાઈ જોશી, મહિલા પ્રભારી શર્મિષ્ઠાબેન મહેતા, ગાંધીનગર જિલ્લા પ્રમુખ હાર્દિક જાની, કાર્યાલય મંત્રી અજીતભાઈ ઠાકોર, ઉપાધ્યક્ષ વાસુદેવભાઈ ત્રિવેદી, મહિલા મોરચાનાં રેખાબેન પરમાર તથા ગંગા સમગ્રના ગાંધીનગરનાં જહાનવીબેન અમીન સહિતના કાર્યકરોએ આયોજનની વિવિધ જવાબદારીઓ સંભાળી ભારે જહેમત ઉઠાવી હતી.

તમામ કાર્યકરોના સંકલન, સહયોગ અને સમર્પણના પરિણામે કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. દુર્ગા દૌડ, શસ્ત્રપૂજન અને તલવાર દીક્ષાના માધ્યમથી નારીશક્તિનું સન્માન, ભારતીય સંસ્કૃતિનું ગૌરવ, રાષ્ટ્રભક્તિ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના આ સંયુક્ત આયોજને વિજયા દશમીના પાવન અવસરે શક્તિ ઉપાસના સાથે સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. નારીશક્તિનું સશક્તિકરણ, સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત પર્યાવરણ તથા સંસ્કારસભર સમાજના નિર્માણ માટે સૌએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ, તેવા પ્રેરણાદાયી સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની દુર્ગાષ્ટમીની મહાઆરતીમાં હજારો દીવડાઓથી સાકાર થયું વીણાવાદિની મા સરસ્વતીનું દિવ્ય સ્વરૂપ



ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં દુર્ગાષ્ટમીના પાવન અવસરે ત્રણ દાયકાની પરંપરા અનુસાર ભવ્ય સમૂહ મહાઆરતી યોજાઈ હતી. હજારો ખેલૈયાઓ અને ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ હાથમાં પ્રજ્વલિત દીવડાઓ ધારણ કરીને એકસાથે મા જગદંબાની આરતી ઉતારી હતી. કલ્ચરલના ગરબાની વિશેષતા સમાન આ મહાઆરતીમાં મેદનીના સુનિયોજિત ફોર્મેશન દ્વારા હજારો દીવડાઓના પ્રકાશથી વીણાવાદિની મા સરસ્વતીનું અલૌકિક સ્વરૂપ સાકાર થયું હતું.

વિદ્યા, જ્ઞાન, કળા, સાહિત્ય અને સંગીતની અધિષ્ઠાત્રી દેવી મા સરસ્વતીના દિવ્ય સ્વરૂપમાં જ્ઞાનનો પ્રકાશ, સર્જનાત્મકતાની ચેતના અને સૂર-તાલનો સમન્વય પ્રતિબિંબિત થાય છે. હાથમાં વીણા ધારણ કરનાર મા સરસ્વતી જીવનમાં જ્ઞાન, વિવેક, સંવાદિતા અને સંસ્કારનો પ્રકાશ પાથરે છે. હજારો દીવડાઓના સુમેળભર્યા પ્રકાશથી જ્યારે વીણાવાદિની મા સરસ્વતીનું સ્વરૂપ પ્રગટ થયું, ત્યારે સમગ્ર ગરબા મેદાન ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાથી ઝંકૃત થઈ ઊઠ્યું હતું.

આ અદભુત અને અલૌકિક દૃશ્ય નિહાળીને કલ્ચરલના ગરબામાં ઉપસ્થિત હજારો લોકોએ સામૂહિક રીતે 'અહો!'ના ઉદ્ગાર સાથે આ દિવ્ય અનુભૂતિને વધાવી લીધી હતી. જાણે સાક્ષાત્ વીણાવાદિની મા સરસ્વતીનું ગરબા આંગણે પ્રાગટ્ય થયું હોય તેવી ભાવવિભોર અનુભૂતિએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ત્રણ દાયકાથી જળવાતી આ પરંપરાગત મહાઆરતીએ ફરી એકવાર ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં ભક્તિ, લોકસંસ્કૃતિ અને સામૂહિક શ્રદ્ધાના અદ્વિતીય સંગમને ઉજાગર કર્યો હતો.

શાહીબાગ ઇન્ફિનિટી સોસાયટી ખાતે માતા અંબેની નવદિવસીય ભવ્ય પૂજા



અમદાવાદ: શાહીબાગમાં ઘેવર સર્કલ નજીક આવેલી બ્રજંચ ઇન્ફિનિટી સોસાયટી ખાતે માતા અંબેની ભવ્ય નવ દિવસીય પૂજા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સોસાયટીના કૈલાશ શ્રીશ્રીમાલે જણાવ્યું હતું કે નવરાત્રિના શુભ પ્રસંગે પ્રેમ, ભક્તિ અને ઉત્સાહ સાથે માતા અંબેને નવ દિવસ માટે શાશ્વત જ્યોતથી વિરાજમાન કરવામાં આવ્યા હતા. ઢોલ અને ઝાંઝ સાથે, માતા અંબેના વિરાજમાન લાભાર્થીને શ્રી કૈલાશ બાબુલાલજી શ્રીશ્રીમાલ (પારલુ-અમદાવાદ) ના નિવાસસ્થાનથી સોસાયટી પરિસરમાં લાવવામાં આવ્યા હતા અને સ્થાપિત કરવામાં આવ્યા હતા. નવ દિવસીય પૂજાના ભાગ રૂપે, શાશ્વત જ્યોતનો લાભ શ્રી ઓમજી સંકલેચા પરિવાર (બાડમેર-અમદાવાદ) દ્વારા પ્રાપ્ત થયો હતો.નવ દિવસ સુધી, સોસાયટીના તમામ પરિવારોએ વારાફરતી માતા અંબેની આરતીમાં હાજરી આપી હતી. સમગ્ર સોસાયટી પરિસર દરરોજ ગરબા, દાંડિયા અને ભક્તિના રંગોથી આનંદથી ભરેલું રહ્યું હતું.

નવરાત્રીના આઠમા દિવસના શુભ પ્રસંગે, ૧૦૮ દીવાઓ સાથે મા અંબેની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મોતીલાલજી શ્રીશ્રીમાલ પરિવાર (બાલોતરા-અમદાવાદ) એ આ આરતીમાં ભાગ લીધો હતો. સેંકડો દીવાઓના પ્રકાશ અને મા અંબેની સ્તુતિના મંત્રથી સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરાઈ ગયું. આ કાર્યક્રમ બધા સભ્યો માટે ભક્તિ, આનંદ અને એકતાની યાદગાર ક્ષણ બની ગયો.

આ નવ દિવસીય ઉત્સવને સફળ અને યાદગાર બનાવવા માટે, શ્રી બાબુલાલજી જીરાવાલા, શ્રી બાબુલાલજી મહેતા, શ્રી બાબુલાલજી ચોપડા, શ્રી ઓમજી સંકલેચા, શ્રી મહેન્દ્રભાઈ વિનાયકિયા, શ્રી ચેતનભાઈ સંકલેચા, શ્રી આનંદભાઈ શ્રીશ્રીમાલ, શ્રી અશોકજી કોઠારી, શ્રી ભરતભાઈ બુરડ, શ્રી પ્રકાશભાઈ બાગરેચા, શ્રી સંજયભાઈ જીરાવાલા, શ્રી રાજેશભાઈ નાહર, શ્રી મુકેશભાઈ બોકાડિયા, શ્રી કૈલાશભાઈ શ્રીશ્રીમાલ અને શ્રીમતી બબીતાજી ચોપડા સહિત સમાજના તમામ સભ્યોએ પૂરા દિલથી અને ઉત્સાહથી યોગદાન આપ્યું.

મુકેશ આર. ચોપડા

વડોદરાના શાંતિલાલ ગજ્જર પાસે ૪૦૦ થી વધુ વિન્ટેજ ફિલ્મ કેમેરા છે....



મ્યુઝિયમ ખોલવાનું અને યુવા પેઢીને કેમેરાના ઇતિહાસ વિશે જણાવવાનું સ્વપ્ન શાંતિલાલ ગજ્જરમાટે કેમેરા એ માત્ર એક મશીન નથી તે ઇતિહાસનો એક ભાગ છે. વડોદરાના ૮૩ વર્ષીય રહીશે ૧૯૩૦ના દાયકાના સૌથી જૂના કેમેરાથી લઈને ૨૦૦૫ સુધીના લગભગ ૪૦૦ વિન્ટેજ કેમેરાનો અદ્ભુત સંગ્રહ બનાવ્યો છે અને હજુ પણ આ ગણતરી ચાલુ જ છે. તેમના સંગ્રહમાં વડોદરાના ખાસ પાંચ કેમેરા પણ છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે મોટાભાગના કેમેરા વર્કિંગ કન્ડિશનમાં છે. લોકો મોડેલને સરળતાથી સમજી શકે તે માટે તેમણે આ કેમેરાની વિગતો પણ ડોક્યુમેન્ટ કરી રાખી છે.

ગજ્જરનો કેમેરા પ્રત્યેનો પ્રેમ રેડિયો ટેકનિશિયન તરીકે કામ કરતી વખતે શરૂ થયો હતો. તેઓ ધીમે ધીમે કેમેરા રિપેરિંગ અને ત્યારબાદ પ્રોફેશનલ ફોટોગ્રાફી ક્ષેત્રે આગળ વધ્યા. વિન્ટેજ મોડેલ્સના રિપેરિંગ અને સંગ્રહ માટે પોતાને સમર્પિત કરતા પહેલાં તેમણે વર્ષો સુધી લગ્નો અને શહેરના અન્ય કાર્યક્રમોની ફોટોગ્રાફી કરી હતી. તેમના સંગ્રહમાં પોલેરોઇડ કેમેરા, રેડિયો કેમેરા, સ્નાઈપર ગન શૈલીનો કેમેરો, ચાવીથી ચાલતો કેમેરો, સ્પ્રિંગ-વાઇન્ડિંગ મોડેલ્સ અને વિવિધ આકાર તથા કદના કેમેરા સામેલ છે. તેમના આ અમૂલ્ય સંગ્રહમાં એક નાનો સ્પાય કેમેરો પણ છે જ્યાંથી તેમણે આ સંગ્રહની શરૂઆત કરી હતી.

પોતાનો આ અનોખો સંગ્રહ ગર્વથી બતાવતા ગજ્જરે કહ્યું હતું કે, ×જ્યારે મને મારા મિત્રની દુકાનેથી એક અસાધારણ મિનીએચર કેમેરો મળ્યો ત્યારે વિન્ટેજ કેમેરા પ્રત્યેનો મારો શોખ વધુ વધી ગયો હતો. તેને ફેંકી દેવાને બદલે મેં મારી પાસે રાખી લીધો અને ત્યાંથી જ મારા કેમેરા કલેક્શનની શરૂઆત થઈ હતી. વર્ષો જતાં મેં વિવિધ કદ અને આકારના કેમેરા એકઠા કર્યા અને તેને મારા સંગ્રહના ભાગરૂપે આજસુધી સાચવી રાખ્યા છે.×વર્ષો જતાં જૂના શહેરમાં આવેલી તેમની કેમેરા રિપેરિંગની દુકાન ફોટોગ્રાફરો અને કેમેરાના શોખીનો માટે એક જાણીતું સરનામું બની ગઈ છે. આજે પણ શ્રી ગજ્જર વિન્ટેજ કેમેરાની શોધ ચાલુ રાખે છે અને આ સંગ્રહને સાચવવામાં તેમના પુત્ર અતીતને પણ પ્રોત્સાહિત કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ×મારે યુવા પેઢીને આ અનોખા કેમેરા અને ફોટોગ્રાફીની દુનિયા વિશે જાગૃત કરવી છે. હું દરેકને આ માસ્ટરપીસ વિશે જાણવા અને તેને કેવી રીતે ઓપરેટ કરવા તે શીખવા માટે આમંત્રિત કરું છું. મારી ભવિષ્યમાં એક મ્યુઝિયમ ખોલવાની અને આવનાર પેઢીઓ માટે આ દુર્લભ કેમેરાઓ પ્રદર્શિત કરવાની પ્રબળ ઇચ્છા છે.× શાંતિલાલ ગજ્જર માટે દરેક જૂનો કેમેરો એક વાર્તા ધરાવે છે અને ટેકનોલોજીના આ દુર્લભ ટુકડાઓને જીવંત રાખવા એ ફોટોગ્રાફીના ઇતિહાસને સાચવવાનો જ એક માર્ગ છે. - વસંત મહેતા (સિનિયર પત્રકાર- લેખક)

જેલમાં બેસીને ધાકઃ ઢીમ ઢાળી દેતી બિશ્નોઈ ગેંગનું અર્થશાસ્ત્ર કે,મનોવિજ્ઞાન!?આ કંપની છે કોણ!? (સંત સુરા)

મજકુર ઈસમ લોરેન્સ બિશ્નોઈ આજે જેલમાં છે. સદરહુ શખ્સને મળવા માટે કેન્દ્ર સરકારે કલમ ૨૬૮ લગાવીને તેની બદલી પર રોક લગાવી છે. છતાં સદરહુ ગેંગ રોજ ગોળી ચલાવે છે. કેવી રીતે?

આ સવાલનો જવાબ એફબીઆઈની ચાર્જશીટમાં છે.

૧. શરૂઆત — વિદ્યાર્થી નેતાથી ગેંગસ્ટર સુધી

લોરેન્સ પંજાબ યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ લીડર હતો. ત્યાંથી તેણે નેટવર્ક બનાવ્યું. ૨૦૧૫માં ધરપકડ થઈ, પણ જેલ જ તેની ઓફિસ બની ગઈ. એફબીઆઈ કહે છે — તેણે પોતાની ધાર્મિક દેશભક્તની છબી બનાવીને યુવાનોને ભરતી કર્યા.

૨. કંપની કેવી રીતે ચાલે છે?

આ કોઈ એક ગેંગ નથી, આ કોર્પોરેટ છે.

- હેડ ઓફિસઃ સાબરમતી જેલ. લોરેન્સ ત્યાંથી કોન્ટ્રાબેન્ડ ફોનથી ઓર્ડર આપે છે.
- વિદેશ ઓફિસઃ કેનેડામાં અનમોલ બિશ્નોઈ, અમેરિકામાં ગોલ્ડી બ્રાર. ગોલ્ડી બ્રારને એફબીઆઈએ ૫૪૩મો મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યો છે, જે ઈંર્ઝ, ખંડણી અને નાર્કોટિક્સ કેસમાં વોન્ટેડ છે.
- ધંધોઃ ત્રણ ધંધા. પહેલો — ખંડણી. બોલીવુડ, બિલ્ડર, વેપારીને ધમકી આપી પૈસા. બીજો — સોપારી. ૫૦૦ કિલોથી વધુ કોકેઈન હરીફ ગેંગ પાસેથી લૂંટવાનો આરોપ પણ છે. ત્રીજો — ધાકનું માર્કેટિંગ. સોશિયલ મીડિયા પર જવાબદારી લેવી, જેથી આગલી ખંડણી સરળ બને.

૩. બોલીવુડ કેમ ટાર્ગેટ?

તાજેતરમાં ટાઈગર શ્રોફની ગાડી ઊપર શાર્પ શૂટર ઘૂવારા ફાયરિંગ થયું. ગેંગે કહ્યું — સલમાન ખાન સાથે સંબંધ રાખ્યો તેથી. આ પેટર્ન જૂની છે — સલમાન ખાન કેસ ૧૯૯૮ના કાળિયાર શિકારથી શરૂ થયો, જે બિશ્નોઈ સમાજ માટે ધાર્મિક મુદ્દો છે. એ ધાર્મિક લાગણીને હથિયાર બનાવીને ગેંગે પોતાને હીરો બનાવ્યો.

પણ હકીકતમાં સિદ્ધુ મૂસેવાલા, ગિપ્પી ગ્રેવાલ, એપી ઢીલ્લોન, બાબા સિદ્દિકી — બધા કેસમાં એક જ મોડસ — બહાર શૂટર, અંદરથી ઓર્ડર, બહારથી ક્લેમ.

૪. લોકહિતમાં સવાલ

કેનેડાએ તેને આતંકવાદી સંગઠન કહ્યું, અમેરિકાએ ૧ મિલિયન ડોલરનું ઈનામ મૂક્યું. ભારતમાં ફ્રેંચ કહે છે — આ દાઉદની જેમ નેટવર્ક ફેલાવી રહી છે.

પણ મૂળ સવાલ — જેલમાં ફોન કેવી રીતે પહોંચે છે? જેલમાં ઈન્ટરનેટ કેવી રીતે પહોંચે છે?

જ્યાં સુધી જેલની દીવાલમાંથી સિગ્નલ નીકળતું રહેશે, ત્યાં સુધી બહાર ગોળી છૂટતી રહેશે.

મજકુર ઈસમ જેલમાં બેસીને ઢીમ ઢાળી દે છે, કારણ કે સદરહુ સિસ્ટમની અંદર તેની કંપનીના ટાવર લાગેલા છે.

એ વાસ્તે નિચોડ : બિશ્નોઈ ગેંગ કોઈ ધર્મની ગેંગ નથી, તે ખંડણીની કંપની છે. ધર્મ તેનું માર્કેટિંગ છે, ડર તેની પ્રોડક્ટ છે, અને આપણી નબળી જેલ વ્યવસ્થા તેની ઓફિસ છે!

લેખક : સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat